# ૯ જૂન –૨૦૧૬ (બુધવાર)

**(૧) જનની સેવા યોજના – રેલવે :**
- રેલવે મંત્રી સુરેશ પ્રભુએ રેલવેમાં જનની સેવા યોજનાનો શુભારંભ કર્યો.
- આ યોજના અંતર્ગત પસંદગીની ટ્રેનો ઉપરાંત સ્ટેશનો પર પણ દૂધ, ગરમ, પાણી, બેબીફુડ, ચોકલેટ અને બિસ્કિટ ઉપલબ્ધ રહેશે.
- આ માટે પ્રભુએ ૨૦૧૬–૧૭ના રેલવે બજેટમાં જાહેરાત કરી હતી જેનો અમલ ત્રણ મહિના બાદ થયો.

(૨) ઓલ ઇન્ડિયા રેડિયોને ૮૦ વર્ષ પૂર્ણ
- મનોરંજન અને માહિતીના સ્રોત ઓલ ઇન્ડિયા રેડીયાને ૮૦ વર્ષ પૂર્ણ થયા
- ૮ જૂન ૧૯૩૬ના રોજ ઇન્ડિયન સ્ટેટ બ્રોડકાસ્ટિંગ સર્વિસનું નામ બદલીને ઓલ ઇન્ડિયા રેડિયો નામ આપવામાં આવ્યું અને ત્યારે પહેલું રેડીયો સ્ટેશન લોન્ચ કરાયું.
- ઓલ ઇનડિયા રેડીયો પર પહેલો રાષ્ટ્રીય મ્યુઝિક કાર્યક્રમ ૨૦ જૂલાઇ, ૧૯૫૨ના રોજ પ્રકાશિત થયો હતો.
- તથા ૩ ઓક્ટોબર, ૧૯૫૭ના રોજ વિવિધ ભારતી સેવા શરૂ કરવામાં આવી.

**(૩) તાતા પાવરના ૧૦૦ વર્ષ પૂર્ણ થતા ટપાલ ટિકિટ**
- ભારતીય પોસ્ટ ઓફિસ વિભાગ તાતા પાવરના ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં ૫ રૂપિયાની ટિકિટ જાહેર કરશે.
- ૧૦ જૂનના રોજ તેને ૧૦૦ વર્ષ પૂર્ણ થશે.

**(૪) ભારત–દક્ષિણ કોરિયા સૈન્ય અભ્યાસ :**
- ભારત અને દક્ષિણ કોરિયા વચ્ચે સંયુક્ત સૈન્ય અભ્યાસ થશે.
- બે દિવસ ચાલનાર આ અભ્યાસ માટે દક્ષિણ કોરિયાનું કોસ્ટગાર્ડ જહાજ ચેન્નઇ બંદરે આવી પહોચવું
- આ સંયુક્ત સૈન્ય અભ્યાસનો સહયોગ–હેયોબ્લિઓગ–૨૦૧૬ નામ અપાયું.

**(૫) શારાપોવા– ટેનિસ :**
- રશિયન સ્ટાર મારીયા શારાપોવા ડ્રગ ટેસ્ટમાં નિષ્ફળ રહેતાં ઇન્ટરનેશનલ ટેનિસ ફેડરેશને બે વર્ષનો પ્રતિબંધ લાદી દીધો.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં રેલવે મંત્રી સુરેશ પ્રભુએ બાળકો માટે કઇ યોજનાનો શુભારંભ કર્યો ?
- જનની સેવા યોજના

(૨) ઓલ ઇન્ડિયા રેડીયોને કેટલા વર્ષ પૂર્ણ થયા ?
- ૮૦

(૩) વિવિધ ભારતી સેવાનો કાર્યકર્મ ક્યારથી શરૂ થયો ?
- ૩ ઓક્ટોબર ૧૯૫૭

(૪) તાતા પાવરના ૧૦૦ વર્ષ પૂર્ણ થતા ટપાલ વિભાગ કેટલા રૂપિયાની ટિકિટ
- પાંચ

(૫) રશિયન ટેનિસ સ્ટાર મારીયા શારાપોવા પર વિશ્વ ટેનિસ ફેડરેશન કેટલા વર્ષનો પ્રતિબંધ લાદ્યો ?
- ૨ વર્ષ

(૬) ભારત– દક્ષિણ કોરિયા સંયુક્ત સૈન્ય અભ્યાસને કયુ નામ આપવામાં આવ્યું ?
- સહયોગ હેયોબ્લિઓગ– ૨૦૧૬

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧